### શ્લોક : ૭

## શનિ ગ્રહ (સેટર્ન) નો મંત્ર અને ઇન્દ્રનીલ (નીલમ) રત્ન (સેફાયર)

શનિ ગ્રહનું અનિષ્ટ દૂર કરવા - શનિને ખૂબ જ ચિકણો ગ્રહ કહેવામાં આવ્યો છે. અતિશય ચિકણું તે પ્રીતિ પૂર્વક છે. પ્રીતિનું લક્ષણ વિરહ છે તેથી શ્રી ધનશ્યામજી એ મદનમોહનજીનો વિરહ કરી સર્વ  ભોગનો ત્યાગ કર્યો. અતઃ અલૌકિક શનિ સ્વરૂપ શ્રી ધનશ્યામજીનું ધ્યાન રાખી જપ કરવાથી શનિ નડયો હોય તો તે દૂર થાય છે.

ગ્રહ : શનિ , ગ્રહ નું નામ : શ્રી ધનશ્યામજી , શાંતિ માટે જપની સંખ્યા : ૯૨૦૦૦
ઠાકોરજીને ભોગની સામગ્રી : તવાપુરી , મઠડી . સકરપારા.
૯૨ વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવો , ગ્રહ નો પ્રભાવ : ૩૦ મહિના
સેવનીય સ્વરૂપ : શ્રી મદનમોહનજી , ગાદી : ૭ , ગાંવ : કામવન





સેવાકૃતિર્ગુરોરાજ્ઞા બાધનં વા હરીચ્છયા |
અતઃ સેવાપરં ચિત્તં વિધાય સ્થીયતાં સુખામ્ ||૭||

**શબ્દાર્થ** : સેવાકૃતિઃ=સેવા કરવી, સેવાનું કાર્ય, ર્ગુરોરાજ્ઞા=ગુરોઃ + આજ્ઞા ગુરૂ આજ્ઞા, બાધનં=બાધા, અડચણ, વા=અથવા, હરીચ્છયા=હરિ + ઇચ્છયા હરિની ઇચ્છાથી, અતઃ=તેથી, સેવાપરં=સેવા પરાયણ, ચિત્તં=ચિત્તને, વિધાય=કરીને રાખીને, સ્થીયતાં=રહેવું, સુખામ્=સુખાપૂર્વક

**ભાવાર્થ** : વૈષ્ણવજને પ્રભુ સેવા  ગુરૂની આજ્ઞા પ્રમાણે કરવી, પ્રભુસેવા પ્રભુના ક્ષણ ક્ષણ ના સુખ માટે છે. પ્રભુ સેવામાં ફેરફાર પ્રભુ ઇચ્છાથીજ થાય છે. માટે સર્વ ચિંતા છોડી પ્રસન્ન ચિત્તે સેવા પારાયણ રહેવું.